# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૩/૨/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સીઇઓ)

---

## ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં નવા રોકાણ અને પ્રોત્સાહન વિશે હેતુલક્ષી સેશન

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવારે, તા. ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ સાંજે ૪:૦૦ કલાકે નાનપુરા સમૃદ્ધિ ખાતે 'ન્યુ ઇન્વેસ્ટમેન્ટ ઓપોર્ચ્યુનીટીઝ ઇન ગારમેન્ટ મેન્યુફેકચરીગ' વિશે અવેરનેસ સેશન યોજાયુ હતુ. જેમાં વઝીર એડવાઇઝર્સના એસોસિએટ ડાયરેકટર શ્રી વરૂણ વૈદે ''રાજય સરકાર દ્વારા નવી યોજના હેઠળ આપવામાં આવતા લાભો'' અને જોઇન્ટ મેનેજિંગ ડાયરેકટર શ્રી પ્રશાંત અગરવાલે ''ગારમેન્ટના રોકાણકારો માટે ભારતીય અને નિકાસ બજારોમાં રહેલી વ્યવસાયની તકો'' વિશે માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તમામને આવકાર્યા હતા અને પ્રારંભીક ઉદ્‌બોધન કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે સુરતમાં ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના વિકાસ માટે મેન્યુફેકચરીગમાંથી વેલ્યુ એડીશનનું કામ કરવુ પડશે. એના માટે ટેકનોલોજી અપગ્રેડેશન અને વિઝન એફિશીયન્સીની જરૂર છે.

શ્રી વરૂણ વૈદએ રાજય સરકારની નવી યોજના હેઠળ આપવામાં આવતા લાભો વિશે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે ગુજરાતમાં ગારમેન્ટ ઈન્ડસ્ટ્રી માટે રાજય સરકાર દ્વારા સ્પેશિયલ પોલિસી બનાવવામાં આવી છે. આ પોલિસી મુજબ ૧૫૦ મશીનોનું કારખાનુ નાંખવાનુ રહેશે અને એમાં ૩૦૦ લોકોને રોજગારી આપવાની રહેશે. સરકાર દ્વારા આવા કેસમાં ૪૦થી ૪૫ ટકા સબસિડી આપવામાં આવશે. ઉદ્યોગપતિને જમીન અને બિલ્ડીગના ખર્ચ માટે પણ ૫ ટકા સબસિડી આપવામાં આવશે. નવા મશીન માટે પાવરમાં એક રૂપિયાની સબસિડી આપવામાં આવશે.

શ્રી પ્રશાંત અગરવાલે ગારમેન્ટના રોકાણકારો માટે ભારતીય અને વૈશ્વિક બજારોમાં રહેલી વ્યવસાયની તકો વિશે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે ગ્લોબલ માર્કેટમાં અત્યારે ૧.૮ ટ્રિલીયન ડોલરનું એક્ષ્પોર્ટ થઇ રહયુ છે. યુએસમાં ૪૦૦ બિલીયન અને યુરોપમાં ૩૦૦ બિલીયન ડોલરનું એક્ષ્પોર્ટ થઇ રહયુ છે. ભારત પણ હવે ૭૪ બિલીયન ડોલરના એક્ષ્પોર્ટ સાથે વિશ્વમાં પાંચમા ક્રમે પહોંચી ગયુ છે. બાંગ્લાદેશ ઘણુ પાછળ હતુ તે પણ હવે એક્ષ્પોર્ટમાં આગળ વધી રહયુ છે. ભારત દર વર્ષે ૧૦થી ૧૨ ટકા પ્રોગ્રેસ સાથે આગળ વધી રહયુ છે. ભવિષ્યમાં ભારત અને ચાઇના એક્ષ્પોર્ટ માર્કેટમાં સૌથી મોટુ થઇ જશે.

તેમણે વધુમા જણાવ્યુ હતુ કે ભારતમાં મોટાભાગે અનઓર્ગેનાઇઝ્ડ ટ્રેન્ડ દેખાઇ રહયો છે. આથી સૌથી પહેલા તો ઓર્ગેનાઇઝ્ડ થવુ પડશે. સુરતની વાત કરીએ તો સુરતમાં કોટન અને સિન્થેટીક વિગેરે રો મટિરીયલનું ઉત્પાદન થાય છે પણ ગારમેન્ટ બીજેથી તૈયાર થઇને સુરતમાં આવે છે. ડેનીમ ગારમેન્ટ માટે ગ્લોબલ માર્કેટમાં મોટી તક છે. આથી સુરતમાં જ વેલ્યુ એડીશન કરીને ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીનો વિકાસ કરવાની જરૂર છે. ડેનીમ વેર, જર્સી, મેન્સ એન્ડ લેડીઝ ટ્રાઉઝર્સ, સ્કર્ટ અને સુટ મોટા પ્રમાણમાં એક્ષ્પોર્ટ થઇ રહયા છે. ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી નાંખવા માટે વઝીર એડવાઇઝર્સ શરૂઆતથી લઇને અંત સુધીનુ તમામ પ્રકારનુ માર્ગદર્શન આપશે.

આ સેશનમાં ચેમ્બરની ગારમેન્ટ એન્ડ એપેરલ કમિટીના ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ પ્રાસંગિક વિધી કરી હતી. વકતાશ્રીઓએ ઉદ્યોગપતિઓના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.